# <u>-: પ્રેસનોટ :-</u>

અમદાવાદ શહેરમાં જે.પી.સ્પોર્ટ્સ એન્ડ ઇવેન્ટ દ્વારા આવતીકાલ તા.૨૯/૦૧/૨૦૧૭ ના રોજ **"સાયક્લોથોન"** નું આયોજન કરવામાં આવેલ છે. આ સાયક્લોથોનના રુટ ઉપર આવતા માર્ગો ઉપરના વાહન વ્યવહાર પર સાયક્લોથોનનાં સમયગાળા દરમ્યાન વાહન વ્યવહારની અવર-જવર માટે પ્રતિબંધિત ફરમાવવામાં આવેલ હોઇ જે અંગેની ટ્રાફીક વ્યવસ્થા તથા ટ્રાફીક ડાયવર્ઝનની વ્યવસ્થા નીચે મુજબની છે. જે અગ્રગણ્ય દૈનિક પત્રોમાં આ પ્રેસ નોટ પ્રસિદ્ધ કરવા વિનંતી છે.

## <u>-: અખબારી યાદી :-</u>

**<u>તા.૨૯/૦૧/૨૦૧૭ ના રોજનો સાયક્લોથોન રૂટ</u>** :

**રૂટ નં. (૧)** :- રીવરફ્રન્ટ વલ્લભસદનથી શરુ થઇ પાલડી એન.આઇ.ડી. રીવરફ્રન્ટથી યુ-ટર્ન લઇ પરત વલ્લભસદન સુધીનો માર્ગ તમામ પ્રકારનાં ટ્રાફીક માટે **<u>સવાર કલાક ૦૬.૩૦ થી ૦૭.૩૦ વાગ્યા સુધી</u>** બંધ રહેશે. **(૦૨ કિ.મિ.)**

**<u>વૈકલ્પિક માર્ગ :</u>**

ગુજરાત સાહિત્ય પરીષદ ચાર રસ્તાથી જમણી બાજુ વળી બુટાસિંગ મહાદેવ થઇ નહેરુબ્રીજ ચાર રસ્તા થઇ પાલડી ચાર રસ્તા થઇ મહાલક્ષ્મી પાંચ રસ્તા તરફ આશ્રમ રોડનો ઉપયોગ આવ જા માટે કરી શકાશે.

**રૂટ નં. (૨)** :- રીવરફ્રન્ટ વલ્લભસદનથી શરુ થઇ મીઠાખળી અંડરપાસ થઇ મીઠાખળી છ રસ્તા થઇ ગીરિશ કોલ્ડ્રીક્સથી ડાબી બાજુ વળી સી.જી.રોડ થઇ પંચવટી સર્કલ થઇ પરીમલ ચાર રસ્તા થઇ પરીમલ અંડરપાસ થઇ મહાલક્ષ્મી ચાર રસ્તા થી ડાબી બાજુ વળી પાલડી ચાર રસ્તાથી જમણી બાજુ યુ ટર્ન લઇ પરત ગીરીશ કોલ્ડ્રીક્સ ચાર રસ્તા થઇ સ્વસ્તીક ચાર રસ્તા થઇ સ્ટેડીયમ સર્કલ થી જમણીબાજુ યુ ટર્ન લઇ પરત ગીરીશ કોલ્ડ્રીક્સ ચાર રસ્તાથી ડાબી બાજુ વળી મીઠાખળી સર્કલ થઇ વલ્લભસદન રીવરફ્રન્ટ સુધીનો માર્ગ તમામ પ્રકારનાં વાહનો માટે **<u>સવાર કલાક ૦૬.૦૦ થી ૦૮.૦૦ વાગ્યા સુધી</u>** બંધ રહેશે. **(૧૪ કિ.મિ.)**

Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વૈકલ્પિક માર્ગ** :

**૧.** વાસણા તરફ જવા માટે વાડજ સર્કલથી દધિચીબ્રીજ થઇ દુધેશ્વર ચાર રસ્તા થઇ શાહપુર ચાર રસ્તા થઇ ભવન્સ કોલેજ રોડ થઇ ખાનપુર થઇ રૂપાલી સર્કલ લાલદરવાજા થઇ વિક્ટોરીયા ગાર્ડન થઇ રીવરફ્રન્ટ રોડ જમાલપુર ફૂલબજાર થઇ જમાલપુર ચાર રસ્તા થઇ બહેરામપુરા ચોકી દાણીલીમડા ચાર રસ્તા થઇ ખોડીયારનગર ચાર રસ્તા આંબેડકરબ્રિજ થઇ અંજલી સર્કલ થઇ વાસણા તરફ આવ-જા કરી શકાશે.

**૨.** સુભાષબ્રિજ સર્કલથી શિલાલેખ ટાવર ચાર રસ્તા થઇ પીકનીક હાઉસ રીવરફ્રન્ટ ગાર્ડન થઇ પુર્વ તરફનાં રીવરફ્રન્ટ રોડ થઇ જમાલપુર ચાર રસ્તાથી વળી સરદારબ્રીજ મધ્યભાગે થઇ એન.આઇ.ડી. ચાર રસ્તાથી ડાબી બાજુ વળી પાલડી ગામ ભગવાનનગરનાં ટેકરો થઇ મહાલક્ષ્મી પાંચ રસ્તા થઇ આવ-જા કરી શકાશે.

**૩.** પ્રબોધરાવળ સર્કલ થઇ ૧૩૨ ફુટ રીંગરોડ થઇ અખબારનગર સર્કલ થઇ એ.ઇ.સી. બ્રિજ મધ્યભાગે થઇ હેલ્મેટ ઓવરબ્રીજ મધ્યભાગે થઇ અંધજન મંડળ ચાર રસ્તા થઇ શિવરંજની ચાર રસ્તા થઇ સ્ટારબજાર થઇ ઇસ્કોન ચાર રસ્તા થઇ બોપલ તરફ આવ-જા કરી શકાશે.

**રૂટ નં. (૩)** :- રીવરફ્રન્ટ વલ્લભસદનથી શરુ થઇ બુદ્દાસિંગ મહાદેવ થઇ ઇન્કમટેક્ષ ચાર રસ્તા થઇ ઉસ્માનપુરા ચાર રસ્તાથી ડાબી બાજુ વળી સ.પ.બાવલા સર્કલ થઇ નવરંગ સર્કલ થઇ વિજય ચાર રસ્તાથી જમણી બાજુ વળી સૌરભ ચાર રસ્તા થઇ હેલ્મેટ ચાર રસ્તા થઇ સાંઇબાબા ચાર રસ્તા થઇ થલતેજ ચાર રસ્તાથી ડાબી બાજુવળી પકવાન ચાર રસ્તા થઇ ઇસ્કોન ઓવરબ્રીજ મધ્યભાગે થઇ કર્ણાવટી ક્લબ સામે થઇ વાય.એમ.સી.એ. કટથી જમણી બાજુ યુ-ટર્ન લઇ પરત પકવાન ચાર રસ્તાથી પકવાન અંડરપાસ થઇ હેબતપુર ચાર રસ્તા થી જમણીબાજુ યુ-ટર્ન લઇ થલતેજ ચાર રસ્તાથી ડાબી બાજુ વળી પરત ઉપરોક્ત રસ્તે થઇ રીવરફ્રન્ટ વલ્લભસદન સુધીનો માર્ગ તમામ પ્રકારનાં વાહનો માટે **સવાર કલાક ૦૬.૦૦ થી ૧૦.૩૦ વાગ્યા સુધી** બંધ રહેશે. **(૨૫ કિ.મિ.)**

**વૈકલ્પિક માર્ગ** :

**૧.** સુભાષબ્રિજ તરફથી એસ.જી.હાઇવે તરફ જવા માટે વાડજ સર્કલ થઇ અખબારનગર સર્કલ થઇ એ.ઇ.સી. બ્રિજ નીચેથી જમણીબાજુ વળી ભુયંગદેવ થઇ સાર્થક ચાર રસ્તા થઇ સોલાબ્રીજ નીચે આવ-જા કરી શકાશે.

**૨.** એસ.જી. હાઇવેથી કારગીલ ચાર રસ્તા થઇ ચાણક્યપુરી બ્રીજ થઇ પ્રભાતચોક થઇ કે.કે.નગર રોડ ઘાટલોડીયા થઇ ઉમિયાહોલ થઇ નિર્ણયનગર ગરનાળા થઇ આવ-જા કરી શકાશે.

Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

૩. વૈષ્ણોદેવી સર્કલ થી સરખેજ તરફ જવા-આવવા માટે એસ.પી. રિંગ રોડનો ઉપયોગ કરી શકાશે.

૪. એસ.જી.હાઇવે સાણંદ સર્કલથી હેબતપુર ચાર રસ્તા સુધીનો માર્ગ તમામ પ્રકારનાં વાહનો માટે બંધ રહેશે.

૫. ભારે વાહનો એસ.જી.હાઇવે તથા ઉપરોક્ત જણાવેલ રૂટ તથા આશ્રમરોડ ઉપર પ્રવેશ કરી શકશે નહી.

**( ડૉ.સુધિરકુમાર દેસાઇ )**
અધિક પોલીસ કમિશ્નર
ટ્રાફીક, અમદાવાદ
શહેરઇ/**ચા.**

Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)